# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-11-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. બિહાર વિધાનસભા ચૂંટણીમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન – NDA જીત તરફ આગળ.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રાજ્યના પ્રવાસે – નર્મદામાં જનજાતીય ગૌરવ દિવસની રાષ્ટ્રીયકક્ષાની ઉજવણીમાં ઉપસ્થિત રહેશે.
3. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેડૂતોને સ્વદેશી સંશોધન અને ટૅક્નોલૉજી અપનાવી આત્મનિર્ભર બનવા અનુરોધ કર્યો.**
4. સરકારે અત્યાર સુધી 19 હજારથી વધુ ખેડૂતો પાસેથી 330 કરોડ રૂપિયાથી વધુની મગફળીની ટેકાના ભાવે ખરીદી કરી
5. રાજ્યમાં આગામી સાત દિવસ ઠંડીમાં વધારો થવાની શક્યતા નહીંવત્.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# BIHAR COUNTING

બિહારમાં વિધાનસભા ચૂંટણીમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન – NDA ભવ્ય જીત તરફ આગળ વધી રહ્યું છે. અત્યાર સુધી જાહેર થયેલા પરિણામ મુજબ, 130 પરિણામમાંથી 110 બેઠક NDAના પક્ષમાં ગઈ છે. જ્યારે 15 બેઠક મહાગઠબંધને જીતી છે. ઉપરાંત પાંચ બેઠક અન્ય પક્ષને મળી છે.

અત્યાર સુધી મળતા વલણ અને પરિણામ મુજબ, NDAને 202 બેઠક પર સરસાઈ મળી છે. તેમાં ભારતીય જનતા પાર્ટી 90, જનતા દળ યુનાઈટેડ 84, લોક જનશક્તિ પાર્ટી-રામવિલાસ 19, હિન્દુસ્તાની અવામ મોરચા - HAM સેક્યુલર પાંચ અને રાષ્ટ્રીય લોક મોરચા – RLM-એ ચાર બેઠક પર સરસાઈ મેળવી છે.

તો, મહાગઠબંધન કુલ 35 બેઠક પર આગળ છે. રાષ્ટ્રીય જનતા દળ 25, કૉન્ગ્રેસ છ, માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટી- ML- લૅનિન લિબરેશન બે, માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટી એક બેઠક પર આગળ છે. અન્ય ઉમેદવારો છ બેઠક પર આગળ છે. તેમાં ઑલ ઇન્ડિયા મજલિસ એ-ઇત્તેહાદૂલ મુસલમીન - AIMIM 5 બેઠક પર અને બહુજન સમાજ પાર્ટી એક બેઠક પર આગળ છે.

-------------

# PM MODI GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રાજ્યના પ્રવાસે આવશે. તેઓ આવતીકાલે સવારે સુરતના નિર્માણાધીન બૂલેટ ટ્રેન મથકની મુલાકાત લેશે. તેમજ 508 કિલોમીટરની લંબાઈના મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ કૉરિડોરની પ્રગતિની સમીક્ષા કરશે, જે ભારતની સૌથી મહત્વાકાંક્ષી માળખાગત પરિયોજનાઓમાંથી એક છે. આ અંગે સુરતના કલેક્ટર ડૉક્ટર સૌરભ પારધીએ વધુ માહિતી આપી.

(BYTE: DR. SAURABH PADHI, DISTRICT COLLECTOR, SURAT)

આ ઉપરાંત શ્રી મોદીની ઉપસ્થિતિમાં આવતીકાલે નર્મદામાં ભગવાન બિરસા મુંડાની દોઢસોમી જન્મજયંતી નિમિત્તે જનજાતીય ગૌરવ દિવસની રાષ્ટ્રીયકક્ષાની ઉજવણી કરાશે. ડેડિયાપાડા ખાતે યોજાનારા કાર્યક્રમમાં શ્રી મોદી કેન્દ્ર અને રાજ્ય સરકારના અંદાજે નવ હજાર 700 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોની ભેટ આપશે. સાંભળીએ અહેવાલ.

(V/C- AJAY INDREKAR)

*(..... નર્મદામાં આવતીકાલે રાષ્ટ્રીયકક્ષાના જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દેવમોગરા ધામમાં માતાજીની પૂજા-અર્ચના કરશે. સાતપુડાની ગિરિમાળામાં આવેલું આ ધામ આદિજાતિ સમાજના લોકોની શ્રદ્ધાનું કેન્દ્ર છે. દરમિયાન રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતના આદિજાતિ કલાકારો પરંપરાગત પરિવેશમાં શ્રી મોદીનું સ્વાગત કરશે. આ પ્રસંગે શ્રી મોદી કેન્દ્ર સરકાર તરફથી અંદાજે સાત હજાર 667 કરોડ અને રાજ્ય સરકાર તરફથી અંદાજે બે હજાર 112 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેમજ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી સભાને પણ સંબોધશે.*

અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)

-------------

# MANSUKH MANDAVIYA NHAI

કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ રાજકોટમાં અતિથિ ગૃહ ખાતે રાજકોટ-જેતપુર રાષ્ટ્રીય રાજમાર્ગ અંગે મહત્વની બેઠક યોજી. તેમણે રાષ્ટ્રીય રાજમાર્ગ સત્તામંડળના અધિકારીઓ પાસેથી આ રાજમાર્ગની કામગીરીની માહિતી મેળવી. તેમજ કામ નિર્ધારિત સમયમાં પૂર્ણ કરવા સૂચના આપી. આ બેઠકમાં રાજકોટના જનપ્રતિનિધિઓ, વિવિધ વેપારી અને ઔદ્યોગિક સંગઠનના અગ્રણીઓએ રાજમાર્ગ સંબંધિત વિવિધ પ્રશ્ન રજૂ કર્યા હતા.

ઉપરાંત શ્રી માંડવિયાએ આજે રાજકોટ રેલવેમથકથી રાજકોટ-પોરબંદર વચ્ચે દોડનારી વિશેષ ટ્રૅનને લીલીઝંડી આપી શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે શ્રી માંડવિયાએ કહ્યું, રાજકોટ અને પોરબંદર વચ્ચે બે નવી સ્થાનિક ટ્રૅન શરૂ થવાથી સૌરાષ્ટ્ર ક્ષેત્રના વિકેસને વધુ ગતિ મળશે. તેમજ મુસાફરોની સુવિધામાં વધારો થશે.

-------------

# CM PATEL RAJKOT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, ટૅક્નોલૉજીના સમન્વયથી ખેતી વધુ ઉત્પાદનકારી બને અને ખેડૂતોની આવક વધે તેવા અભિગમ સાથે આપણે આગળ વધી રહ્યા છીએ. રાજકોટમાં ગોંડલ તાલુકાના પાટીદડ ગામમાં એક સંસ્થાના સંશોધન ભવનનું લોકાર્પણ કરતાં શ્રી પટેલે આ વાત કહી. તેમણે કહ્યું, સરકારે ગુજરાતને દેશનું બાયોટૅક કેન્દ્ર બનાવવાના ઉદ્દેશ સાથે બાયોટૅક્નોલૉજી નીતિ જાહેર કરી છે.

બાયોટૅકથી ખેડૂતોની આવક બમણી થશે, જમીનની ગુણવત્તા સુધરશે અને પર્યાવરણ વધુ સલામત રહેશે, તેમ જણાવતા શ્રી પટેલે ખેડૂતોને સ્વદેશી સંશોધન અને ટૅક્નોલૉજી અપનાવવા પર પણ ભાર આપ્યો.

**(BYTE: BHUPENDRA PATEL, CM)**

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# RUSHIKESH PATEL VADODARA

ઊર્જામંત્રી ઋષિકેશ પટેલે આજે વડોદરાના પ્રવાસ દરમિયાન ગુજરાત ઊર્જા વિકાસ નિગમ અને મધ્ય ગુજરાત વીજ કંપનીની વિવિધ પરિયોજનાની કામગીરીનું નિરીક્ષણ કર્યું. દરમિયાન શ્રી પટેલે વીજ વિતરણથી લઈ ફરિયાદ નિવારણ સુધીના વિવિધ તબક્કાની કામગીરીમાં

ઑટોમૅશન એટલે કે, સ્વયંસંચાલન વધારી સેવા વધુ ઉત્તમ બનાવવા પર ભાર આપ્યો.

ઊર્જામંત્રીએ તેમની મુલાકાતનો પ્રારંભ ગુજરાત ઊર્જા વહન નિગમ – જેટકોના સ્ટૅટ લૉડ ડિસ્પેચ સેન્ટર- SLDCથી કર્યો. ઊર્જા વિભાગના અધિકારીઓએ કામગીરી અંગે મંત્રીશ્રીને માહિતગાર કર્યા. ઊર્જામંત્રીએ એનર્જી અકાઉન્ટિંગની વ્યવસ્થાની પણ સમીક્ષા કરી તથા ભવિષ્યના પડકારોને પહોંચી વળવા પ્રેરક સૂચન કર્યા.

-------------

# Janjaati Gaurav Varsh Ujavni -Overall

ભગવાન બિરસા મુંડાની દોઢસોમી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે રાજ્યભરમાં જનજાતિય ગૌરવ યાત્રા યોજાઇ રહી છે.

જૂનાગઢમાં જનજાતિય ગૌરવ વર્ષની ઉજવણી નિમિત્તે આદિજાતિ સમુદાયના તેજસ્વી વિદ્યાર્થીઓ, રમતવીરો અને સમાજ શ્રેષ્ઠીઓનું સન્માન કરાયું.

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વિશિષ્ટ સિદ્ધિ મેળવનારા વિદ્યાર્થીઓ અને ખેલાડીઓનું સન્માન કરાયું. તેમજ વિવિધ લાભાર્થીઓને મકાન સહાય મંજૂરીપત્ર તેમજ કુંવરબાઈનું મામેરું યોજનાના લાભાર્થીઓને ચેક વિતરણ કરાયા.

મહેસાણામાં જિલ્લા પ્રભારી મંત્રી પ્રવીણ માળીની અધ્યક્ષતામાં જનજાતિય ગૌરવ વર્ષની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી.

ગીર સોમનાથના માધુપુર ખાતે જનજાતીય ગૌરવ વર્ષ મહોત્સવ'ની ઉજવણી નિમિત્તે આદિજાતિ વિસ્તારના ગામોને આવરી લેતાં કુલ 5 કરોડ રૂપિયાથી વધુના કામોના ઈ-ખાતમુહૂર્ત  અને લોકાર્પણ કરાયા.

તો આવતીકાલે રાજ્યમાં વિવિધ સ્થળોએ જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી કરાશે.  પંચમહાલમાં મોરવાહડફ તાલુકાના ખાનપુર ખાતે જિલ્લા પ્રભારી મંત્રી રમેશ કટારાની અધ્યક્ષતામાં જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી કરાશે. જ્યારે રાજકોટમાં હેમુ ગઢવી હોલ ખાતે ઉજવણી કરાશે.

-------------

# ADIJATI KARYKRAM- JAMNAGAR

શિક્ષણ રાજ્ય મંત્રી  રિવાબા જાડેજાની અધ્યક્ષતામાં જામનગર શહેરના ટાઉનહોલ ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો, જેમાં જિલ્લાના વિવિધ વિભાગોના વિકાસકામોનું  ઈ–ખાતમુહુર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે આદિજાતિ સમાજના અગ્રેસર આગેવાનોનું તેમજ વિદ્યાર્થીઓનું સમ્માન કરવામાં આવ્યું તથા લાભાર્થીઓને લોનની રકમના ચેક એનાયત કરવામાં આવ્યા.

------------

# MAGFALI KHARIDI IN STATE

રાજ્ય સરકારે ખેડૂતો પાસે ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ કરી છે. સત્તાવાર યાદી મુજબ, આજે 14 નવેમ્બર સુધી સરકારે 330 કરોડ રૂપિયાથી વધુની કિંમતની 45 હજાર 500થી વધુ મૅટ્રિક ટન મગફળી ખરીદી છે. રાજ્યના 219 જેટલા કેન્દ્ર પર 19 હજાર 600થી વધુ ખેડૂતો પાસેથી આ ખરીદી કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે કમોસમી વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતોને મદદ કરવા 10 હજાર કરોડ રૂપિયાનું રાહત પેકેજ જાહેર કર્યું હતું. તેનો લાભ મેળવવા આજથી કાર્યરત્ કરાયેલા KRP.GUJARAT.GOV.IN પૉર્ટલ પર ખેડૂતો ઑનલાઈન અરજી કરી શકશે.

-------------

# CHHOTAUDEPUR - KISAAN PAKHVAADA

છોટાઉદેપુરના બોડેલી ખાતે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં કિસાન પખવાડા કાર્યક્રમ યોજાયો. બેન્ક ઓફ બરોડા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ખેડૂતોને સરકારી યોજનાઓના લાભ, કિસાન ક્રેડિટ કાર્ડ અંગે માર્ગદર્શન અપાયું, તેમજ સખીમંડળની બહેનો અને ખેડૂતોને કૃષિ અને ટ્રેક્ટરના ધિરાણના ચેકનું વિતરણ કરાયું.

આ અંગે બેંક ઓફ બરોડા- વડોદરાના રીજીયન મેનેજર સંજીવન કુમારે વધુ માહિતી આપી...

**(બાઇટ - સંજીવનકુમાર -** બેંક ઓફ બરોડાના **રીજીયન મેનેજર વડોદરા)**

-------------

## STATE WEATHER

રાજ્યમાં હાલ એકસાથે બે ઋતુનો અનુભવ થશે તેમ હવામાન વિભાગે જણાવ્યું છે. વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે કહ્યું, મોટા ભાગના જિલ્લાનું તાપમાન સામાન્ય કરતા ઓછું નોંધાયું છે. આગામી સાત દિવસ લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાની શક્યતા નહીંવત્ હોવાનું પણ શ્રી દાસે જણાવ્યું.

-------------

## UNITY MARCH

રાજયભરમાં લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે આ રવિવારથી 'સરદાર@૧૫૦ યુનિટી માર્ચ'નું આયોજન થઈ રહ્યું છે.

પંચમહાલ જીલ્લામાં પણ યુનિટી માર્ચ યોજાશે, જે અંગે લોકોને માહિતગાર કરવા ગોધરા ખાતે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં એક પત્રકાર પરિષદ યોજાઇ. જેમાં તેમણે જણાવ્યુ કે દરેક વિધાનસભા દીઠ ૮ થી ૧૦ કિલોમીટરની એક પદયાત્રાનું આયોજન કરાશે.  જિલ્લા કલેક્ટરે

તમામ નાગરિકો , કોલેજ, સહકારી-સામાજિક-ધાર્મિક સંસ્થાઓ, સામાજિક આગેવાનો, ઔદ્યોગિક સંગઠનો, વગેરેને આ પદયાત્રામાં સક્રિય રીતે જોડાવા આહ્વાન કર્યું હતું.

ભાવનગરના ઘોઘા, ભાવનગર તથા સિહોર તાલુકાના સંયુક્ત ઉપક્રમે વિવિધ ગામોમાં આવતીકાલે પદયાત્રા યોજાશે.

-------------

# MORBI Vikaaskaamo

મોરબી જિલ્લામાં આવતીકાલે શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ રાજ્યમંત્રી કાંતિલાલ અમૃતિયાના વરદ હસ્તે 59 કરોડ રૂપિયાથી વધુના રોડ રસ્તાના કામોનું ખાતમુહૂર્ત કરાશે.

મોરબી જીલ્લામાં બેલા ભરતનગર રોડ, પીપળીયા-મહેન્દ્રગઢ-સરવડ રસ્તાનું રીસર્ફેસિંગ, ઝિકિયારી ખાતે મેજર બ્રિજ, તથા અણીયારી વેજલપર ઘાટીલા રોડ સહિતના વિવિધ વિકાસ કામોની ભેટ જિલ્લાના નાગરિકોને આપવામાં આવશે.

-------------